# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30.05.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

****************************************************

1) ગૃહમંત્રી અમિત શાહે ચાર-સ્તરીય સુરક્ષા ગ્રીડ સાથે સરહદ વ્યવસ્થાપનમાં મોટા ફેરફારોની જાહેરાત કરી.
2) સરકારે જાહેર ક્ષેત્રની તેલ માર્કેટિંગ કંપનીઓને 30 દિવસ માટે LPG અનામત રાખવા જણાવ્યું
3) બિનદાવેદાર નાણાકીય સંપત્તિ સંબંધિત માહિતી માટે કોમન લેન્ડિંગ પોર્ટલ શરૂ કરાયું
4) મ્યાનમારના રાષ્ટ્રપતિ યુ મીન આંગ હ્લેઇંગ આજે ભારતની પાંચ દિવસની મુલાકાતે બિહારના ગયા પહોંચશે.
5) એશિયન અંડર-20 એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ભારતીય ખેલાડીઓએ અત્યાર સુધીમાં ચાર સુવર્ણ , સહિત કુલ આઠ ચંદ્રકો જીત્યા
6) અને, IPL ક્રિકેટની બીજા ક્વોલિફાયરમાં, ગુજરાત ટાઇટન્સે રાજસ્થાન રોયલ્સને 7 વિકેટથી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો

સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# AMIT SHAH BHUJ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે સરકાર નવા સુરક્ષા પડકારોનો સામનો કરવામાં સરહદ સુરક્ષા દળને વધુ અસરકારક બનાવવા માટે વધારાની જવાબદારીઓ સોંપવાનું વિચારી રહી છે. શ્રી શાહે ગઈકાલે ગુજરાતના ભુજમાં ભારત-પાકિસ્તાન સરહદ પર બે નવી સરહદ ચોકીઓનું ઉદ્ઘાટન કર્યા બાદ આ મુજબ જણાવ્યું હતું

શ્રી શાહે ચતુર્ભુજ સુરક્ષા ગ્રીડની સ્થાપનાની જાહેરાત કરીને કહ્યું કે આ પહેલમાં જનતા, નાગરિક વહીવટ, સ્થાનિક પોલીસ અને સેનાની પણ પ્રાથમિક જવાબદારી રહેશે.

શ્રી શાહે ડ્રોન, રડાર, સર્વેલન્સ ટાવર, અત્યાધુનિક ટેકનોલોજી અને સુરક્ષા કર્મચારીઓની તૈનાતી દ્વારા એક મજબૂત સુરક્ષા વ્યવસ્થાના નિર્માણમાં વિશ્વાસ વ્યક્ત કર્યો

## (બાઈટ – AMIT SHAH BSF)

શ્રી શાહે જણાવ્યું કે આપણી સરહદોને સુરક્ષિત કરવી અને ઘૂસણખોરીને દૂર કરવી એ રાષ્ટ્રીય સંરક્ષણ માટે મહત્વપૂર્ણ છે. પશ્ચિમ બંગાળ સાથેની બાંગ્લાદેશ સરહદ અંગે, ગૃહમંત્રીએ જણાવ્યું કે  પશ્ચિમ બંગાળની નવી સરકારે સરહદ પર વાડ માટે જમીન પૂરી પાડી દીધી છે . આ વાડ પૂર્ણ થવાથી ઘૂસણખોરી અટકાવવામાં મદદ મળશે.

# GOVT-FUEL-RESERVES

સરકારે જાહેર ક્ષેત્રની તેલ માર્કેટિંગ કંપનીઓને 30 દિવસ માટે LPG અનામત રાખવા જણાવ્યું છે.

પશ્ચિમ એશિયામાં સંઘર્ષને કારણે વૈશ્વિક ઉર્જા પુરવઠામાં વિક્ષેપને ધ્યાનમાં રાખીને સરકારે આ નિર્દેશ આપ્યો છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ ગઈકાલે નવી દિલ્હીમાં આ માહિતી આપતા જણાવ્યું કે ભારત તેની ક્રૂડ ઓઇલ સ્ટોરેજ ક્ષમતા વધારવા માટે પણ કામ કરી રહ્યું છે

## (બાઈટ – SUJATA ON PETROL)

વિદેશ મંત્રાલયના અધિક સચિવ અસીમ મહાજને જણાવ્યું હતું કે ગલ્ફ અને પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં ભારતીય દૂતાવાસો ભારતીય નાગરિકોને સમયસર સહાય પૂરી પાડી રહ્યા છે. બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના ડિરેક્ટર ઓપેશ કુમાર શર્માએ જણાવ્યું હતું કે મંત્રાલય નાવિકોના કલ્યાણ અને સરળ દરિયાઈ કામગીરી માટે વિદેશ મંત્રાલય, ભારતીય દૂતાવાસો અને દરિયાઈ ક્ષેત્રના તમામ હિસ્સેદારો સાથે સંકલન કરી રહ્યું છે.

હોર્મુઝની સામુદ્રધુની વિસ્તારમાં તમામ ભારતીય નાવિક સુરક્ષિત છે.

# PORTAL-UNCLAIMED-ASSETS

નાણાકીય સેવાઓ વિભાગે દાવો ન કરાયેલી નાણાકીય સંપત્તિઓ સંબંધિત માહિતી માટે જાહેર જનતાને સુવિધા આપવા માટે કોમન લેન્ડિંગ પોર્ટલ શરૂ કર્યું છે. આ પોર્ટલ જાહેર ક્ષેત્ર બેંકો એસોસિએશન (PSBA) ના સહયોગથી વિકસાવવામાં આવ્યું છે , જે દેશની 12 જાહેર ક્ષેત્રની બેંકો દ્વારા સંયુક્ત રીતે સ્થાપિત એક કેન્દ્રિય સંસ્થા છે.

નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે www.unclaimedassetsportal.in પોર્ટલ, નાણાકીય વ્યવસ્થા સાથે જોડાયેલા એવા બેંક ખાતા, વીમા દાવા, શેર, ડિવિડન્ડ અને મ્યુચ્યુઅલ ફંડ સંબંધિત માહિતી લોકોને આપે છે જેમના કોઈ દાવેદાર નથી. કોમન લેન્ડિંગ પોર્ટલ વધુ સુલભ, પારદર્શક અને નાગરિક-કેન્દ્રિત નાણાકીય વ્યવસ્થા બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

# MORN-MYANMAR-PREZ-VISIT

મ્યાનમારના રાષ્ટ્રપતિ યુ મીન આંગ હ્લેઇંગ આજે પાંચ દિવસની ભારત મુલાકાતે બિહારના ગયા પહોંચશે. તેમની સાથે અનેક કેબિનેટ મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ અને ઉદ્યોગપતિઓ સહિત એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ હશે. રાષ્ટ્રપતિ તરીકે તેમની આ પહેલી ભારત મુલાકાત હશે. ગયામાં, તેઓ મહાબોધિ મંદિર અને સુજાતા મંદિરમાં પ્રાર્થના કરશે.

ત્યારબાદ તેઓ  દિલ્હી પહોંચી વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સાથે મુલાકાત કરશે. આવતીકાલે, તેઓ મ્યાનમાર-ભારત વ્યાપાર મંચમાં ભાગ લે તેવી અપેક્ષા છે.સોમવારે, તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે બેઠક કરશે.

ગઈકાલે નવી દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે બંને નેતાઓ મ્યાનમાર અને ભારત વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોના તમામ પાસાઓ પર ચર્ચા કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે "મન કી બાત" કાર્યક્રમમાં લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આકાશવાણી પરથી પ્રસારિત થતાં માસિક રેડિયો કાર્યક્રમની આ 134મી કડીમાં પ્રધાનમંત્રી દેશ વિદેશના લોકો સાથે પોતાના વિચારોનું આદાન પ્રદાન કરશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

# VP-GOA STATEHOOD DAY

ગોવા આજે તેનો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે. 1987 માં આજના દિવસે, ગોવાએ પૂર્ણ રાજ્યનો દરજ્જો મેળવ્યો અને ભારતીય સંઘનું 25મું રાજ્ય બન્યું. ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજે પણજીમાં કલા એકેડેમી ખાતે રાજ્ય સ્થાપના દિવસની ઉજવણીમાં ભાગ લેશે

# ASIAN UNDER-20 ATHLETICS

હોંગકોંગમાં ચાલી રહેલી એશિયન અંડર-20 એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ભારતીય ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરતાં અત્યાર સુધીમાં ચાર સુવર્ણ , બે રજત  અને બે કાંસ્ય સહિત કુલ આઠ ચંદ્રકો જીત્યા છે. મેડલ ટેલીમાં ભારત ચીન પછી બીજા ક્રમે છે.

ગઈકાલે, સ્પર્ધાના બીજા દિવસે, પૂજા સિંહે મહિલા હાઇ જમ્પ માં સુવર્ણ ચંદ્રક જીત્યો નીતિન ગુપ્તાએ પુરુષોની 5,000 મીટર રેસ વોક જીતી, અમાનત કંબોજે મહિલા ડિસ્કસ થ્રોમાં ટોચનું સ્થાન મેળવ્યું, રાહુલ જાખરે પુરુષોની ડેકાથલોનમાં સુવર્ણ  તો સાધના દેવીએ મહિલાઓની ટ્રિપલ જમ્પમાં રજત ચંદ્રક જીત્યો. ઉપકરે પુરુષોની ડેકાથલોનમાં રજત , નીરુ પાઠકે મહિલાઓની 400 મીટર દોડમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

આ ચેમ્પિયનશિપમાં 48 ભારતીય ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે, આ સ્પર્ધા આવતીકાલે સમાપ્ત થશે.

# IPL

IPL ક્રિકેટની બીજી ક્વોલિફાયર મેચમાં, ગુજરાત ટાઇટન્સે રાજસ્થાન રોયલ્સને 7 વિકેટથી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા, રાજસ્થાન રોયલ્સે નિર્ધારિત 20 ઓવરમાં 6 વિકેટે 214 રન બનાવ્યા. જવાબમાં, ગુજરાત ટાઇટન્સે 18 ઓવર અને 4 બોલમાં 3 વિકેટે 219 રન બનાવીને મેચ જીતી લીધી. કેપ્ટન શુભમન ગિલે 53 બોલમાં 104 રન બનાવ્યા હતા.શુભમન ગિલને પ્લેયર ઓફ ધ મેચ તરીકે જાહેર કરાયા.

હવે ફાઇનલમાં, ગુજરાત ટાઇટન્સ રવિવારે અમદાવાદમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે ટકરાશે. મેચ આવતીકાલે સાંજે 7:30 વાગ્યે શરૂ થશે

# PRADHAN-SAMAGRA SHIKSHA

શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ અનુદાન જારી કરવા અને તેના ઉપયોગ અંગે એક વ્યાપક સમીક્ષા બેઠક યોજી હતી.

બેઠકમાં સમગ્ર શિક્ષા અભિયાનના ત્રીજા તબક્કાને વધુ અસરકારક, પારદર્શક અને પરિણામલક્ષી બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી પ્રધાને જણાવ્યું હતું કે આ વર્ષે સમગ્ર શિક્ષા અભિયાન, પીએમ-પોષણ, ઉલ્લાસ, પીએમ-શ્રી અને અન્ય મુખ્ય યોજનાઓનું સંકલન કરીને એક સંકલિત અભિગમ અપનાવવામાં આવશે.

બેઠકમાં સહકારી સંઘીય પ્રણાલીની ભાવના જાળવી રાખીને કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સંકલનને મજબૂત બનાવવા પર પણ ચર્ચા કરવામાં આવી હતી. શ્રી પ્રધાને જણાવ્યું હતું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના અસરકારક અમલીકરણ પર નવેસરથી ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, જેમાં નવીનતા, પોષણ, કૌશલ્ય વિકાસ, રમતગમત અને કલા પર ભાર મૂકશે. તેમણે જણાવ્યું કે આ પ્રયાસો 2047 માં વિકસિત ભારત માટે જરૂરી માનવ સંસાધન તૈયાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

## હવે આજના અખબારોના મુખ્ય સમાચાર જયેશ વેગડા રજૂ કરે છે

- આજના અખબારોમાં દેશમાં વરસાદ, પેપર લિકની ઘટના અંગે સર્વોચ્ચ અદાલતની ચેતવણી, રાજ્યમાં સિંહોના મોત અંગેના સમાચાર વાંચવા મળી રહ્યા છે.

- નીટ,સીધી જવાબદારી નક્કી કરો, કાયકલ્પનો રોડ મેપ આપો – સુપ્રીમ આ સમાચાર દિવ્ય ભાસ્કરેપ્રથમ પાને છાપ્યા છે. આ ઉપરાંત આ વર્ષે દુષ્કાળનું જોખમ, જામનગરથી વનતારની ટીમ ગીરપહોંચી, તમામ સિંહ આયસોલેટ કર્યા જેવા સમાચારને પણ પ્રથમ પાને સ્થાન આપ્યું છે.

- વિના વિલંબે ન્યાયનો સુપ્રીમ આદેશ આ મથાળા સાથે ફૂલછાબે હેડલાઇન બનાવી છે. આ ઉપરાંત ચોમાસું કેરળમાં 7 દિવસ બાદ આવશે, નીટ યુજી પેપર લીક NTAને સુપ્રીમ કોર્ટની ફટકાર આ સમાચાર પણ પ્રથમ પાને છાપ્યા છે.

- ઉત્તર પ્રદેશ, બંગાળ, બિહારમાં વરસાદ આંધી – 26 ના મોત, આ હેડલાઇન ગુજરાત સમાચારે બનાવી છે, આ ઉપરાંત ચોમાસું નબળું રહેશે, ગુજરાતમાં જૂનમાં પણ હિતવેવ યથાવત રહેવાનો વરતારો, ભારતના વિદેશી મુદ્રા ભંડારમાં 7.51 અબજ ડોલરનો ઘટાડો, હવેથી વર્ષમાં બે વખત TET યોજવી પડશે – સુપ્રીમે સમય મર્યાદા એક વર્ષ લંબાવી જેવા સમાચાર પ્રથમ પાને જોવા મળી રહ્યા છે.

- સ્થાનિક સમાચારોમાં રાજ્યમાં સિંહોના મોત, હળવાથી મધ્યમ વરસાદની આગાહી, અમદાવાદમાં IPL ફાઇનલનો ફીવર જેવા સમાચારો જોવા મળી રહ્યા છે